એક કદમ સ્વચ્છતા કી ઓર

**કાર્યપાલક ઈજનેર(બી)**

SWACHH SURVEKSHAN 2021

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઝોન (ઉધના)(બી)**
**સત્યનગર સામે,ઉધના,સુરત**
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

નં. સા.ઝોન /ટેક/૨૦૩
તા. ૦૯/૦૯/૨૦૨૧

ઓનલાઇન ..........................

.........................................

વિષય:– સાઉથ ઝોન (કનકપુર)(બી)ની હદ વિસ્તારના જર્જરિત મિલ્કતએલાઈમેન્ટ, રીઝર્વેશન પ્લોટ, ખાનગી માલિકીના મિલ્કતદારો ધ્વારા કરવામાં આવેલ અનઅધિકૃત બાંધકામોનાં ડિમોલીશનની /દબાણ દુર કરવાના કામ બાબત.

મહાશય,

જય ભારત સાથે જણાવવાનું કે, અત્રેના સાઉથ ઝોન (કનકપુર)(બી)ની હદ વિસ્તારમાં એલાઈમેન્ટ, રીઝર્વેશન પ્લોટ, ખાનગી માલિકીના મિલ્કતદારો ધ્વારા કરવામાં આવેલ અનઅધિકૃત બાંધકામોનાં ડિમોલીશનની /દબાણ દુર કરવાના કામે ભાવપત્રક આપવા જો સહમત હોય તો નીચે દર્શાવેલ ભાવપત્રકમાં ભાવ ભરી નીચે સહી કરનારને **તા.૧૬/૦૯/૨૦૨૧** સુધીમાં સીલ બંધ કવર મળે તે રીતે રજુ કરશો. આવેલ ભાવ પત્રકો પૈકી કોઈ પણ અથવા બધાજ ભાવ પત્રક રદ કરવાનો સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે.

**ભાવપત્રક**

| અ.નં. | વિગત | યુનિટ | ભાવ પ્રતિ ચો.મી./પ્રતિ વ્યકિત / પ્રતિ રનીંગ મીટર | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | આર.સી.સી. પાકું બાંધકામ (કોઇ પણ માળે) | ચો.મી. | | |
| ૨ | પતરા/એસી સીટની દિવાલો/સીલીંગ, (કોઇ પણ માળે) | ચો.મી. | | |
| ૩ | કાચું ચણતરવાળું બાંધકામ (કોઇ પણ માળે) | ચો.મી. | | |
| ૪ | સેન્ટરીંગ પ્લેટ ઉતારવાનું, (કોઇ પણ માળે) | ચો.મી. | | |
| ૫ | લોખંડના સળીયા ઉતારવાનું (કોઇ પણ માળે) | ચો.મી. | | |
| ૬ | કમ્પાઉન્ડ વોલનુ ડિમોલીશન | | | |
| | (અ) ચણતરની દિવાલ (UP TO 5 '0") | રનીંગ મીટર | | |
| | (બ)આર.સી.સી.બીમ કોલમ ચણતરની દિવાલ(UP TO 5 '0") | રનીંગ મીટર | | |
| | (અ) ચણતરની દિવાલ (Above 5 '0") | રનીંગ મીટર | | |
| | (બ)આર.સી.સી.બીમ કોલમ ચણતરની દિવાલ (Above 5 '0") | રનીંગ મીટર | | |
| ૭ | બેલદાર/પ્રતિદિન | પ્રતિ વ્યકિત | | |

ભાવપત્રક સીલબંધ કવરમાં કવર ઉપર વિષયમાં જણાવેલ કામનું નામ લખી શરતોમાં જણાવેલ જરૂરી પુરાવા/કાગળો સાથે નીચે સહિ કરનારની કચેરીએ **તા.૧૬/૦૯/૨૦૨૧** સુધીમાં મોકલી આપવા વિનંતી.

ઈજારદારની સહી તેમજ સિકકો

Sd/-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન (કનકપુર)(બી)**
**સુરત મહાનગરપાલિકા**

# શરતો

(૧) ઉપરોકત ભરવામાં આવેલ ભાવો એક વર્ષ સુધી અમલમાં રહેશે.

(૨) સદરહુ ભાવપત્રકમાં ભરવામા આવેલ ભાવ પત્રક પ્રમાણે મહતમ રૂા.૧૫/– લાખની મયાર્દા સુધી જ કામગીરી સોંપવામાં આવશે.

(૩) રૂા.૩.૦ લાખની બેંક સોલવન્સી સર્ટિફિકેટ રજુ કરવાની રહેશે.

(૪) ઇજારદાર દ્વારા અગાઉ આ પ્રકારની કામગીરીના સરકારી/ અર્ધ સરકારી અનુભવી કામોના સર્ટિફિકેટ તથા આ પ્રકારની કામગીરીના સરકારી/ અર્ધ સરકારી પ્રગતિ હેઠળના કામોના વર્કઓર્ડરની નકલ રજુ કરવાની રહેશે.

(૫) ઇજારદાર દ્વારા રૂા.૧૫,૦૦૦/– ની બાનાની રકમ 'કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા' નામનો ડિમાન્ડ

ડ્રાફ્ટ ભરવાનો રહેશે.(E.M.D)

(૬) મંજુર ભાવપત્રક રકમ ના ૨% પ્રમાણે સીકયુરીટીની રકમ પેઓર્ડર/ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો સીકયુરીટી ડીપોઝીટના ૦.૦૬૫% પ્રતિ દિવસ પેન્લટી વસુલ લેવામાં આવશે જેની નોંધ લેશો.

(૭) ભાવપત્રક મંજુર થયેથી કરારનામા માટે રૂા. ૩૦૦/– વતા રૂા.૩૦૦ ની કિંમતના ગુજરાત રાજયનાં સ્ટેમ્પ પેપર રજુ કરવાનુ રહેશે.

(૮) ભાવપત્રક મંજુર થયેથી રકમનાં ૨૦% પ્રમાણે જામીનગીરી આપવા માટે રૂા.૩૦૦ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર રજુ કરી જામીનગીરી આપવાની રહેશે.

(૯) સુરત મહાનગરપાલિકાના પ્રર્વતમાન નિયમ મુજબ ટેક્ષ કાપવામાં આવશે.

(૧૦) સરકારશ્રીના નિતી નિયમોનુસાર જરૂરી પ્રોવીડન્ડ ફંડ નંબર લેવાનો રહેશે.

(૧૧) કામગીરી માટે સુરત મહાનગરપાલિકાનાં પ્રતિનીધી દ્વારા જયારે જરૂર જણાય ત્યારે સુચના અનુસાર જરૂરી મેનપાવર/મશીનરી,સુચવેલ સ્થળે આપવામાં આવેલ સમયે અચુક હાજર થવાનું રહેશે.

(૧૨) આ કામગીરી માટે રોકવામાં આવનાર તમામ બેલદારોના સલામતીના સાધનો જેવા કે હેલમેટ/બુટ/જેકેટ વિગેરે ઈજારાદારે સ્વખર્ચે પુરા પાડવાના રહેશે.

(૧૩) ડીમોલીશનની કામગીરી માટે ઉપયોગમા લેવા અંગે તમામ સાધનો ઈજારદારે પુરા પાડવાના રહેશે.

(૧૪) ડીમોલીશનની કામગીરી દરમ્યાન મિલ્કતદાર/કબજેદારની ચીજ વસ્તુઓ જેવી કે ફર્નીચર/ઘરવખરી સામાનની નુકશાન ન પહોંચે તે રીતે સુરત મહાનગરપાલિકાના પ્રતિનિધિની હાજરીમાં સુપ્રત કરવાની રહેશે.

(૧૫) સ્થળ ઉપર ડીમોલીશનની કામગીરી દરમ્યાન અસરગ્રસ્ત ઈસમો સાથે સલુકાઈભર્યુ અને શિસ્તબધ્ધ વર્તન કરવાનું રહેશે.

(૧૬) મહાનગરપાલિકાને જયારે જયારે અસાધારણ સંજોગો ઉભા થાય ત્યારે સુચવેલ સમયે/સ્થળે જરૂરી મેનપાવર/મશીનરી સહિત અચુક હાજર થવાનું રહેશે. જો નિયત સમયે હાજર રહેવામાં ન આવે અથવા અપુરતા મેનપાવર/મશીનરી લેવાની જરૂરીયાત ઉભી થાય તો અન્ય સ્ત્રોતમાંથી સુરત મહાનગરપાલિકા વ્યવસ્થા કરી કામગીરી પુરી પાડશે અને તે અંગે થનાર વધારાનો ખર્ચ ઈજારાદાર પાસેથી વસલુ લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૧૭) સ્થળ ઉપર ડીમોલીશનની કામગીરી દરમ્યાન કોઇ અકસ્માત દરમ્યાન બેલદારોને કોઇ ઇજા કે નુકસાન થશે તેની સંપુર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.